
# ધોરણ - ૧૦

## વિષય – સંસ્કૃત

## સ્વાધ્યાય

### પાઠ – 9

## चक्षूश्मान् अन्ध एव



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

# 1. चक्षुष्मान अन्ध एव

1) કોણ સંસ્કૃત સાહિત્યના ગદ્ય સમ્રાટ તરીકે ભણીતા છે ?
→ બાણભટ્ટ

2) બાણભટ્ટ કોના સમયમાં અને ક્યારે થઈ ગયા હતા ?
→ સાતમી સદીના પૂર્વાર્ધમાં સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં

3) બાણભટ્ટના માતા-પિતા અને ગોત્રનું નામ અનુક્રમે શું હતું ?
→ રાજદેવી, ચિત્રભાનુ અને વત્સ

4) બાણભટ્ટના કોઈ પણ બે ગ્રંથોના નામ જણાવો.
→ હર્ષચરિત અને કાદમ્બરી

5) બાણભટ્ટની રચનાઓમાં પ્રકરણ કયા નામથી ઓળખાય છે ?
→ ઉચ્છ્વાસ

6) પ્રસ્તુત પાઠ શેનામાંથી લેવામાં આવેલ છે ?
→ હર્ષચરિતના પ્રથમ ઉચ્છ્વાસમાંથી

7) પ્રસ્તુત પાઠમાં શાનો ઉપદેશ આપેલ છે ?
→ ક્રોધ થી દૂર રહેવાનો

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# શબ્દાર્થ

पितामह :- બ્રહ્મા
पटह :- નગારું
दुर्वासा :- એ નામના એક ઋષિ
अर्थ :- પદાર્થ કે ગુણ
आलोक :- પ્રકાશ
राग :- આસક્તિ
निसर्ग :- સ્વભાવ
विषपादप :- ઝેરનું ઝાડ
शैलूष :- નટ
आकल्प :- વેષ
भृकुटि - ભમર, ભવું
हारयष्टि - હારમાળા
वैयधिकता - ભાર સહન કરવાની શક્તિ
शप्ताम् - શાપ પામેલી (સરસ્વતીને)
इन्द्रियाश्वसमुत्थापितम् - ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ દ્વારા ઉડાડવામાં આવેલ
विशुद्धया - શુદ્ધ
परदोषदर्शनदक्षा - બીજાના દોષને જોવામાં નિપુણ
कोपकलुषिता - કોપથી મલિન થયેલી
अतिरोषण: चक्षुष्मान - અતિશય ગુસ્સે થયેલો આંખોવાળો
वृत्तमुक्ता - સહાયારહિત
उपशमशून्यन - શાન્તિરહિત
परस्तात् - પછીથી, ભવિષ્યમાં
अपहाय - છોડી દઈને
चक्षुष्मान अन्ध एव - આંખો હોવા છતાં પણ આંધળો જ

Scanned with OKEN Scanner

Page
Date

प्ररयन् - पूरी देतां
सुघोरम् - गंभीरतापूर्वक
साधुसेवितः - सज्जनो द्वारा आचरणमां आवेलो
पन्थाः - मार्ग
निहन्ति - हणी नाखे छे.
कलुषयति - मलिन करे छे
अनक्षजिताम् - चंचल आंखोवाळाओनां
धिया - बुद्धिथी
कृतबुद्धयः - शुद्ध बुद्धिवाळाओ
कुशलजातम् - कुशळताना समूहने
चरमम् - छेवटनुं
तापसाकल्पम् - तपस्वीना वेषने

ભાષાંતર :-

હવે તે સરસ્વતીને તે પ્રમાણે શાપિત થયેલી જોઈને પિતામહ બ્રહ્માજીએ મંગલકારી નગારાના જેવા સ્વર વડે દિશાઓને ભરી દેતાં ગંભીરતાપૂર્વક દુર્વાસાને કહ્યું :

" હે બ્રાહ્મણ, આ ખરેખર સજ્જનો દ્વારા આચરવામાં આવેલો માર્ગ નથી, જેના પર તમે ચાલ્યા છો. એ પાછળથી હણી નાખે છે. ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ દ્વારા ઉડાડવામાં આવેલી રજ ચંચળ આંખોવાળાઓની દ્રષ્ટિને મલિન કરી નાખે છે. અથવા, આંખ કેટલું દૂર જુએ છે? શુદ્ધ બુદ્ધિ વડે જ શુદ્ધ બુદ્ધિવાળાઓ બધા ખોટા કે સાચા વિષયોને જુએ છે. અને આ પ્રકૃતિનો વિરોધ કરનારી, પાણી અને આગની જેમ, ધર્મ અને ક્રોધની એકસાથે રહેલી વૃત્તિ જેવી હોય છે. પ્રકાશને છોડીને તમે કેમ અંધકારમાં ડૂબી રહ્યા છો? ખરેખર ક્ષમા બધી તપસ્યાઓનું

મૂળ છે. બીજાના દોષ જોવામાં નિપુણ દૃષ્ટિની માફક (તમારી) ક્રોધી બુદ્ધિ તમારા પોતાના દોષને જોતી નથી. ક્યાં મહાન તપના ભારને વહન કરવાની શક્તિ અને ક્યાં અન્યમાં દોષ જોવાની વૃત્તિ ? અતિશય રોષે ભરાયેલો માણસ આંખોવાળો હોવા છતાં આંધળો જ છે.

ક્રોધથી મલિન થયેલી બુદ્ધિ જ કરવાયોગ્ય અથવા ન કરવાયોગ્ય કાર્યનો વિચાર કરતી નથી. ગુસ્સે થયેલાની વિદ્યા પહેલાં નાશ પામે છે; પછી તેનો ભમરમાં (ફરક પડે છે); શરૂઆતમાં આસક્તિ (અને લાલસા) ઈન્દ્રિયો પર આક્રમણ કરે છે (અથવા ઈન્દ્રિયોને ઘેરી વળે છે.) ત્યારપછી આંખનો. પહેલાં તપ ગળી જાય છે અને પછી પરસેવો વહે છે. પહેલાં અપયશ અને પછી નીચલો હોઠ ફરકે છે.

લોકોના વિનાશ માટે તમારાં જટા અને વલ્કલવસ્ત્રો ઝેરના ઝાડ જેવાં કેમ થઈ ગયાં છે ? ખરેખર આ મુનિવેષની હારમાળા જેવી સદાચારરહિત મનોવૃત્તિ અનુચિત થઈ ગઈ છે ! નટની જેમ તમે વ્યર્થ કૃત્રિમ શાંતિવિહોણા મનથી તપસ્વીના વેષને વહન કરો છો ! તમારામાં હું શાણપણનો જરા જેટલો અંશ પણ જોતો નથી."

- हर्षचरितम् ના પ્રથમ ઉચ્છ્વાસમાંથી

## स्वाध्याय

प्र.1. अधोदत्तेभ्य : विकल्पेभ्य : समुचितम् उत्तरं चिनुत

1) इन्द्रियाश्वसमुत्थापितं रज: किं कलुषयति ?

-> दृष्टिम्

2) कुपिता बुद्धिः किं न पश्यति ?
→ आत्मदोषम्

3) कुपितस्य स्वेदसलिलात् पूर्वं किं गलति ?
→ तपः

4) कुपितस्य पूर्वम् अयशः ________ , अनन्तरम् अधरः।
→ स्फुरति

5) "शैलूषः" इति शब्दस्य कः अर्थः ?
→ नट

6) वृत्तमुक्ता चित्तवृत्तिः कीदृशी इव ?
→ शवयष्टिः

प्र.2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत-

1) कृतबुद्धयः कथं पश्यन्ति ?
→ कृतबुद्धयः विशुद्धया धिया असतः सतो वा सर्वान् अर्थान् पश्यन्ति।

2) धर्मक्रोधयोः एकत्र वृत्तिः कीदृशी ?
→ धर्मक्रोधयोः एकत्र वृत्तिः पयःपावकयोरिव निसर्गविरोधिनी अस्ति।

3) कोपकलुषिता मतिः किं न विमृशति ?
→ कोपकलुषिता मतिः कार्यम् अकार्यं वा न विमृशति।

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



4) मुनिवेषस्य का अनुचिता ?
→ मुनिवेषस्य हारयष्टिः इव वृत्तमुक्ता चित्तवृत्तिः रुपम् अनुचिता।

5) क्रोधान्धस्य किम् अन्धकारोभवति ?
→ क्रोधान्धस्य विद्या अन्धकारोभवति ।

6) दुर्वासाः कीदृशेन चेतसा तापसाकल्पं वहति ?
→ दुर्वासाः शैलूषः इव वृथा वहति कृत्रिमम् उपशमशून्येन चेतसा तापसाकल्पम् ।

प्र.3. समासप्रकारं लिखत

1) मङ्गलपटहेन - मङ्गलः पटहः
(अथवा मङ्गलः च असौ पटहः च), तेन - कर्मधारय समासः

2) साधुसेवित :- साधुभिः सेवित :- तृतीया तत्पुरुष समासः

3) कृतबुद्धयः :- कृता बुद्धिः यैः ते - बहुव्रीहि समासः

4) कोपकलुषिता - कोपेन कलुषिता - तृतीया तत्पुरुष समासः

5) धर्मक्रोधयोः :- धर्मः च क्रोधः च, तयोः :- इतरेतर द्वन्द्व समासः

6) विषपादपस्य - पादैः पिबति इति, पादपः - उपपद तत्पुरुष
विषस्य पादपः तस्य - षष्ठी तत्पुरुषः समासः

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

प्र. ४. सन्धिविच्छेदं कुरुत

1) साधुसेवितोऽयम् = साधुसेवितः + अयम्
2) चक्षुरीक्षते = चक्षुः + ईक्षते
3) ततो भृकुटिः = ततः + भृकुटिः
4) अन्ध एव = अन्धः + एव

प्र. ५. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत

1) पितामहः सुधीरम् उवाच ।
→ कः सुधीरम् उवाच ?

2) आरम्भे तपो गम्भीर ।
→ कदा तपो गम्भीर ?

3) कुपितस्य मतिः कर्तव्यमकर्तव्यं न विमृशति ।
→ कस्य मतिः कर्तव्यमकर्तव्यं न विमृशति ?

4) कुपिता बुद्धिः आत्मदोषं न पश्यति ।
→ कीदृशी बुद्धिः आत्मदोषं न पश्यति ?

प्र. ६. 1) दुर्वासाએ કોને શાપ આપ્યો ? શા માટે ?
પિતામહ બ્રહ્માજીની સભામાં દુર્વાસા મુનિ સામવેદના મંત્રનું ગાન કરતા હતા. ત્યારે તે જોઈ એક મુનિ સાથે ઝઘડો પડ્યા અને મંત્રગાનમાં ક્ષતિ થઈ

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



ગઈ. આથી દેવી સરસ્વતીને હસવું આવ્યું. દુર્વાસા આ જોઈને ક્રોધિત થયા અને તેમણે સરસ્વતીને મૃત્યુલોકમાં અવતરવાનો શાપ આપ્યો.

2) ધર્મ અને ક્રોધનું સાથે હોવું તે કોના સમાન છે?

ધર્મ અને ક્રોધનું સાથે હોવું તે પાણી અને આગના સાથે હોવા સમાન છે. ધર્મ સાથે ક્રોધનું હોવું એ સ્વભાવથી વિરુદ્ધ છે. આમ, પાણી અને આગ સાથે હોય તે નિસર્ગવિરોધી બાબત છે.

3) બ્રહ્મા દુર્વાસાને નટ સાથે કેમ સરખાવે છે?

નટ મનથી અશાંત હોય ત્યારે પણ કૃત્રિમ રીતે તપસ્વીનો વેષ ધારણ કરીને એનો અભિનય કરે છે તેમ દુર્વાસા મુનિવેષમાં હોય ત્યારે સદાચારવાળા હોવા જોઈએ પણ તેઓ સદાચારરહિત મનોવૃત્તિ ધરાવનાર કૃત્રિમ તપસ્વી જેવી ભૂમિકા ભજવી રહ્યા છે. આ કારણે બ્રહ્મા દુર્વાસાને નટ સાથે સરખાવે છે.

4) દુર્વાસાનાં જટાવલ્કલ કોના જેવાં છે? શા માટે?

દુર્વાસા મુનિનાં જટાવલ્કલ એક મુનિને છાજે તેવાં લોકોને શાતા આપનારાં નથી. તે લોકોનો વિનાશ કરનાર ઝેરના ઝાડ જેવાં બની ગયાં છે. દુર્વાસાના મુનિવેષની હારમાળા જેવી સદાચારરહિત મનોવૃત્તિ અનુચિત થઈ ગઈ છે.

5) બ્રહ્મા ક્ષમા અંગે શું કહે છે?

બ્રહ્મા દુર્વાસા મુનિને કહે છે કે ક્ષમા સર્વ પ્રકારની તપસ્યાઓનું મૂળ છે. અન્યના દોષ જોવામાં નિપુણ દૃષ્ટિની માફક કોપવશ થયેલી બુદ્ધિ પોતાના દોષને જોઈ શકતી નથી. મહાન તપના ભારને વહન કરનારી શક્તિ અને બીજાના દોષ જોવાની વૃત્તિ વચ્ચે ઘણું મોટું અંતર હોય છે. અતિશય રોષે ભરાયેલો માણસ આંખોવાળો હોવા છતાં અંધ જ છે.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

પ્ર.૧. ગુર્જરભાષાયાં સંક્ષિપ્તાં ટિપ્પણીં લિખત

૧) ક્રોધની શારીરિક અસરો

ક્રોધ એવો મનોવિકાર છે કે જેનાથી બુદ્ધિશાળી પુરુષની બુદ્ધિ પણ મલિન થઈ જાય છે. તે કરવાયોગ્ય અને ન કરવાયોગ્ય કાર્યોનું સ્વરૂપ સમજી શકતો નથી. તે દિશાશૂન્ય બની જાય છે. ગુસ્સે થયેલાનો પ્રથમ વિદ્યા નાશ પામે છે; તેની ભમર તણાય છે; પહેલાં આસક્તિ અને લાલાશ ઈન્દ્રિયો પર હુમલો કરે છે; ક્રોધ કરનારનું તપ ગળી જાય છે અને પછી પ્રસ્વેદજળ વહેવા લાગે છે. ક્રોધી વ્યક્તિની અપકીર્તિ થાય છે. જ્યારે તે ક્રોધ કરે છે ત્યારે તેનો અધર ફરકે છે અને શરીરનાં અન્ય અંગો કાંપવા લાગે છે.

૨) બ્રહ્માનો દુર્વાસાને ઠપકો

દુર્વાસા મુનિએ દેવી સરસ્વતીને આપેલા શાપનો 'હર્ષચરિતમ્' ના પ્રથમ ઉચ્છ્વાસમાં કવિવર બાણભટ્ટે ઉલ્લેખ કર્યો છે અને પછી બ્રહ્માજીએ દુર્વાસાને આપેલા ઠપકાની વાત કરી છે. બ્રહ્માજીની સભામાં દુર્વાસા મુનિ સામવેદના મંત્રનું ગાન કરતા હતા ત્યારે તેઓ અન્ય મુનિ સાથે ઝઘડી પડ્યા અને સામગાનમાં તેમની ભૂલ થઈ ગઈ. આથી દેવી સરસ્વતીને હસવું આવ્યું. આ જોઈને દુર્વાસા ક્રોધવશ થઈને સરસ્વતીને શાપ આપી બેઠા. બ્રહ્માજીએ દુર્વાસાને કઠોર શબ્દોમાં ઠપકો આપતાં કહ્યું કે ક્ષમા સર્વ પ્રકારની તપસ્યાઓનું મૂળ છે. તેમણે દુર્વાસાને કહ્યું કે બીજાના દોષ જોવામાં નિપુણ દૃષ્ટિની માફક કોપવશ થયેલી બુદ્ધિ પોતાના દોષને જોવામાં અસમર્થ હોય છે. અત્યંત રોષે ભરાયેલો માણસ આંખોવાળો હોવા છતાં આંધળો જ રહે છે.

प्र.8. यथायोग्यं संयुज्य पूर्ण वाक्यं रचयत

'क' 'ख'

1) आरम्भे तपो गमति पश्चात्स्वेदसलिलम् ।
2) आदौ इन्द्रियाणि रागः समास्कन्दति, चरमं चक्षुः ।
3) प्रथमम अन्धकारीभवति विद्या ततो भ्रुकुटिः ।
4) पूर्वम अयशः स्फुरति अनन्तरम् अधरः ।

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી ૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION